શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૪૩ • સળંગ અંક : ૧૪૮ • તા.૧૦ એપ્રિલ થી ૧૬ એપ્રિલ ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# મુંબઈ મહાજનની યંગ બ્રિગેડીયર ટીમ દ્વારા યુવા જાગૃતિ અભિયાન સંપન્ન





SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સદ્‌ભાવ અને સદ્‌ગુણોને સાચવીએ

પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સારા ભાવ રાખવા જોઈએ. શુભ ભાવનું ચિંતન કરીને જે અંતરમાં વિચાર જાગે એનાથી દ્રષ્ટિ સારી થશે, નિર્મળ થશે. માણસની અંદર જે પ્રકારના ભાવ જાગે છે તે પ્રમાણે તેનું જીવન ઘડાય છે. માણસના વિચારો સારા હોય તો તેનું વર્તન પણ તે મુજબનું સારું જ થાય. જો વિચારો દોષ ભર્યા હશે તો વર્તન પણ એવું જ દુષિત થશે. જે કદી કોઈનું સારું જોશે નહીંને કોઈનું સારું કરશે નહીં.

દરેકના મનમાં દુર્ગુણ અને સદ્‌ગુણના ભાવો હોય છે. દરેક સંસ્કારીને શિક્ષિત સભ્ય અને સારા પરિવારનો વ્યક્તિ સારો જ હોય છે, પણ કદિક સંગને કારણે તે દુર્ગુણના દુષિતપણાથી ગ્રસ્તિ થઈ જાય છે. સજાગ, સચેત દરેક વ્યક્તિ સારો થવા ચાહે છે અને સતત એ માટે જ મથે છે અને કોઈપણ હિસાબે પોતાનામાં રહેલી નબળાઈઓ દૂર કરવાના પ્રયાસોમાં રત રહે છે. આમ છતાં કેટલીક મૂળભૂત કમજોરી ઓને લીધે તેનામાં ઝટ પરિવર્તન આવતું નથી. કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ નથી. પણ સંકલ્પ બળ અને આંતરિક તાકાત તેને સતત દુર્ગુણના માર્ગથી પાછા વળવા પ્રેરે છે. એટલે ગમે તેવો ખરાબ માણસ પણ તે અંતરથી સારું કરે તેવા પ્રયાસમાં રહે છે. તો સારો વ્યક્તિ પોતાનાથી અજાણતા કંઈ ખોટું-ખરાબ ન થાય એ પ્રત્યે સભાન રહે છે. દરેક વ્યક્તિ પોતાની ઊણપ દૂર કરવા માગે છે પણ દુર્ગુણોના દલદલ ગંદવાડ એટલો ઝટ સાફ થવાનો નથી. એ માટે સતત મથવું પડે છે, પ્રયાસ કરવા પડે છે.

સારા સદ્‌ગુણરૂપી સંસ્કારની સરવાણી જો સતત વહેતી થશે તો એની પાછળ પાછળ બીજા સદ્‌ગુણો જેવા કે પ્રેમ, દયા, કરૂણા, માનવતા, સંતોષ અને પરોપકાર ભાવ પણ આવી જવાના. અને જો દુર્ગુણની જડ સતત પ્રયત્નો છતાં જડમૂળ ન થઈ, નાબૂદ ન થઈ તો તે રાગ, દ્વેષ, લોભ, મોહ, ક્રોધ અને અસંતોષના ભંડાર આપણી અંદર ઠાલવવાની. એટલે જ કોઈ જ્ઞાની એ સાચું કહ્યું છે કે સારી વસ્તુ બીજી સારી વસ્તુને આકર્ષે છે અને એક ખરાબ ચીજ બીજી ખરાબ વસ્તુને આવવાનો મારગ મોકળો કરી આપે છે.

દરેક વ્યક્તિના વિચાર, સંસ્કાર અને આચાર ભિન્ન ભિન્ન હોય છે. તેવી જ રીતે દરેક વ્યક્તિની ઊણપો, નબળાઈઓ અને કમજોરી જુદી હોય છે. દરેકએ પોતાની અંદર રહેલ નબળી કડીને શોધી કાઢો અને તેને દૂર કરવામાં ખૂંપી જાવ તો નિશ્ચિત જીવન બદલાઈ જવાનું. આપણા સામે આવતી વ્યક્તિને દર્પણની જેમ નિરખવી જોઈએ. કારણે કે આપણામાં જે સમાયેલું છે એ સામાવાળામાં દેખાવાનું છે. આપણી પાસે સારું હશે તો આપણને એમાં સારું, શુભ દેખાવાનું છે ને આપણી ખરાબ સંપદાઓ હશે તો બીજામાં પણ ખરાબી દેખાવવાની છે. માટે જીવનમાં હમેશા સારા ભાવ રાખવા જોઈએ, કલ્પવા જોઈએ જેથી છેવટે તો શુભ અને સારું થાય અને સદ્‌ભાવ ભર્યું જીવન ઘડાય આપણે આપણ સદ્‌ગુણોને સાચવીને દુર્ગુણોને જાણીએ અને તેને દૂર કરવાના પ્રયાસ કરીએ તો પરિવર્તન થવાનું જ છે એ નક્કી છે.

-જય જ્ઞાતિમૈયા

# સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## જીવનમાં સુખ જરૂરી કે શાંતિ જરૂરી?

જીવન એક પડકાર છે, એક ચુનૌતી છે જે પ્રત્યેક દિવસે, પ્રત્યેક સમયે નવા નવા પડકાર આપણને આપે છે. જાણે કે જીવનની પરિભાષા સંઘર્ષ, ટકરાવ અને પડકાર છે. આજનો સમય કાચા પોચા દિલ ધરાવતા વ્યક્તિના મોંઢામાં ફીણ લાવી દે છે. ન્યાય-અન્યાય, નીતિ-અનીતિ, સત્ય-અસત્ય, પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ, માનવતા-અધમતા જેવા દ્વંદ્વો આપણી સામે લાવી દે છે. આ સમસ્યામાં ગૂંથાયેલો માનવી ધર્મ, યોગ, ધ્યાન, સાધના અને અધ્યાત્મના સંસ્કારો વિસરી પોતાની મંઝિલથી ભટકી જાય છે.

કોઈ પાસે ધન, દોલત નથી એથી દુ:ખી છે તો કોઈ સારી તંદુરસ્તી નથી, કોઈના પરિવારમાં કંકાસ-કલેહ છે તો કોઈ પોતાનો માન સન્માન મળતું નથી એનો અભાવ રાખી જીવન પસાર કરે છે. આવી અઢળક વાતોનો મનમાં રંજન લઈને કેટલું સુખી રહી શકાય? અને સંતોષી થઈને બિલકુલ ન જીવી શકે. આમ દુ:ખોના પોટલા મગજ પર રાખીને ડરી, ભાગી, હતાશ થઈ ક્યારેક તો પોતાના જીવન ટૂંકાવી દે છે. આથી પોતે સુખ ન પામે અને પરિવારજનોને પણ સુખ ન આપી શકે. આવી બુઝદિલીથી પોતાના નામને બટ્ટો લાગે છે ને પરિવારને આ પીડા અનંત સમય સુધી પીડે છે.

માટે જીવનમાં સુખને શાંતિ જરૂરી છે. ભલે આ બંન્ને મળે ન મળે પણ એકનો લાભ કે લબ્ધિ પ્રાપ્ત થાય તો ભયો ભયો થાય. આ માટે માનવીએ અન્ય વ્યથાને અવગણીને એની સામે ચૂપ બેસીને માત્ર દુ:ખોથી દૂર થઈને અનંત આનંદનો લાભ મળે એવો પ્રયત્ન કરવા ઘટે. અન્યના જીવનમાં ઝાંઝવા કરતા પોતાના અંતરમાં ડોકિયું કરી દુનિયાને જોવા કરતાં પોતાનામાં ભીતર ઉતરીને અનંત સુખ કે શાશ્વત શાંતિને પામી શકે છે. આમાં જ જીવનનો અનંત આનંદ છે. પરમ સુખને પરમ શાંતિ છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મુંબઈ મહાજનની યંગ બ્રિગેડીયર ટીમ દ્વારા યુવા જાગૃતિ અભિયાન સંપન્ન





ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની અનંત યુવા શક્તિની ક્રિયાશીલ ટીમે, અપગ્રેડ થયેલ સમાજને વધુ અપગ્રેડ કરવા નવી વિચાર ધારાઓ અને મોર્ડનીટી ધરાવનાર યંગ જૂથની એક વિશિષ્ટ ટીમ તૈયાર કરી છે.

આ યંગ જૂથની ટીમમાં અઢારથી બત્રીસ સુધીની વય મર્યાદા નક્કી કરેલ છે. અને તેને યંગ બ્રિગેડ તરીકે એક પ્રેરણાત્મક નામ આપવામાં આવ્યું છે. યંગ બ્રિગેડનો ઉદ્દેશ્ય જ્ઞાતિ ઉત્થાનમાં એક શ્રેષ્ઠ ભૂમિકા ભજવતાની સાથે સાથે જ્ઞાતિની વર્તમાન પેઢી જે જુદા જુદા ક્ષેત્રમાં અભ્યાસ અને કામગીરી કરી રહી છે. તેને એક સાથે મળાવવાનો હેતુ, એ આજની પેઢીને આવનાર પેઢી સુધી સતત ચાલતા રહેવાનું સેતુ સમાન પૂરવાર થશે. જ્ઞાતિના યુવાનો આપસમાં મળતા રહે, સંસ્કૃતિ જળવાઈ રહે અને એકબીજાને મદદ રૂપ થઈ વિકાસ કરી શકે એવા ઉદ્દેશથી બનેલી યંગ બ્રિગેડ એ જ્ઞાતિનું ગૌરવ બની રહી છે.



વોટ્સએપ, ટ્વીટર, ગૂગલ એવા સોશિયલ મીડિયાનાં સાધનો દ્વારા આપણે વિશ્વ સુધી પહોંચવાની ક્ષમતા ધરાવનાર છીએ, પરંતુ પરસ્પર મળવાનું વિસરાઈ રહ્યું છે. એવા વાતાવરણમાં આપણી યંગ બ્રિગેડનું નિર્માણ એ પરસ્પર મળવાનું એક શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે. આપણી પેઢી પરસ્પર પ્રેમથી મળવા અને આપણા ચીંધેલા માર્ગ પર ચાલવા તૈયાર છે. બસ જરૂર છે તો એમને પ્રેમથી આવકાર આપી, એમની અવનવી વિચારધારાઓને સાંભળી એમના અનુરૂપ સાથે મળી કામગીરી કરવાનું. આ જ સરળ કાર્ય એ યંગ બ્રિગેડનાં લીડરોએ કર્યુ છે. અને પ્રતિસાદ રૂપે આજે યંગ બ્રિગેડની ટીમમાં ચારસો જેટલી સંખ્યા પર થઈ ચૂકી છે અને આગળ હજી આ સંખ્યા વધતી જાય છે.

આ યુથ મીટ અપ હાલ મુંબઈથી શરૂ થયું છે. જે ધીરે ધીરે સમગ્ર વિશ્વમાં વસતા કે.ડી.ઓ. જ્ઞાતિના યુવા વર્ગ સુધી પહોંચશે અને અવનવી તકો નિર્માણ કરી પરસ્પર મદદરૂપ થઈ જ્ઞાતિ સ્તંભ મજબૂત કરશે.

ઘણી બધી આઈડિયા ધરાવનાર યંગ બ્રિગેડ દ્વારા આપણા યુવા વર્ગને પ્લેટફોર્મ મળશે અને તે તેના સંપૂર્ણ વ્યક્તિત્વને નિખારી શકશે. સૌપ્રથમ જ્યારે યુથ મીટઅપનું આયોજન થયું હતું ત્યારે મળેલા સૌના વિચારોને જાણ્યા બાદ આપસમાં કોડીનેટ કરી આગળના એક પછી એક આયોજનો યોજાઈ રહ્યા છે.

## કે.ડી.ઓ. યંગ બ્રિગેડ ટીમની ત્રિદિવસીય યાદગાર માથેરાન ટ્રીપ

૨૦૨૦માં સૌ પ્રથમ યુથ મીટઅપનાં સફળ પ્રયાસ બાદ કોરોના કાળનાં લોકડાઉનના સમયમાં શક્ય તેટલા નવા નવા યુવા મેમ્બરોનો સંપર્ક સાધી તેમણે પણ યંગ બ્રિગેડમાં જોડવામાં આવ્યા.

# કેડીઓ યંગ બ્રિગેડ ટીમની ત્રિદિવસીય યાદગાર માથેરાન ટ્રીપ





પહેલા સફળ યુથ મીટઅપ બાદ હોળીના દિવસોમાં બીજું યુથ મીટઅપ નક્કી કરાયુ જેમાં મુંબઈ બહાર જ્ઞાતિના યુવાનોને જોડવાની પણ મંજૂરી મળી. અને તેના પરિણામ રૂપે કુલ ૧૦૦ જેટલા યુવા વર્ગ માથેરાન ટ્રીપમાં જોડાયા હતાં.

મહાજનની હાલની નવી એ.વાય.એસ. ટીમનાં ૫૧ મેમ્બર ઉપરાંત કો.ઓપ. મેમ્બરનો મૂલ્યવાન સપોર્ટ અને માર્ગદર્શન એ યંગ બ્રિગેડ માટે ખુબજ પ્રેરણાત્મક છે. જ્ઞાતિ મહાજન પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા તેમની આગવી સુજબૂજ સાથે ઉત્સાહ ભેર યુવાનોને આગળ વધવાની પ્રેરણા આપે છે. તેમના મજબૂત પીઠબળને કારણે અને ફ્રેન્ડલી સ્વભાવને કારણે યુવાનો તેમની વિચાર ધારાઓ મુક્ત પણે શેયર કરી અમલમાં મૂકી શકે છે. તેના પરિણામ સ્વરૂપે આ હોળીના દિવસોમાં માથેરાન ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું. મહાજનનાં પાંચ વર્ષીય એવાયએસ દાતાઓનાં સહયોગથી આ આયોજન સફળ થયું. ચેતનભાઈ મોતા માથેરાનમાં સાથે આવ્યા હતા અને તેઓએ હોટેલ બુકિંગ, ફૂડ અરેંજમેન્ટ માટે ખૂપ સાથ આપ્યો હતો અને તેમનું માર્ગદર્શન ખૂપ ઉપયોગી નિવડ્યું હતું.

જ્ઞાતિ મહાજન ટીમના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, વિરેન્દ્ર લોડાયા, ચેતન મોતા, મનોજ લોડાયા, મુકેશ લોડાયાનું યુથ બ્રિગેડ એ વિશેષ આભાર વ્યક્ત કરે છે.



# કેડીઓ યંગ બ્રિગેડ ટીમની ત્રિદિવસીય યાદગાર માથેરાન ટ્રીપ








માર્ચ ૨૦૨૧ ના હોળી તહેવારની રજાઓમાં શનિવાર તા.૨૭ થી તા. ૨૯ માર્ચ સોમવાર ત્રણ દિવસની યુથ મીટ માથેરાનની આનંદ રિટઝ હોટલમાં આયોજન કરાઈ. જેમાં સેમિનાર, ફ્યુચર ઈવેન્ટ પ્લાનર, ટ્રેડિશનલ ડ્રેસ સાથે રાસ ગરબા ઇવેન્ટ, ટ્રેઝર હન્ટ ગેમ, ફન એન્ડ ટીમગેમ, પુલ પાર્ટી, ડીજે પાર્ટી લાઈવ મ્યુઝિક સાથે બે યુવાનોના બર્થ-ડે સેલિબ્રેટ કર્યા. ત્રીજા દિવસે ધુળેટી-રંગપંચમી રંગ ગુલાલ સાથે ઉજવી. આ ઈવેન્ટમાં મુંબઈ ઉપરાંત બેંગ્લોર, હૈદરાબાદ, પુણા, સોલાપુર, કચ્છ, જલગાંવથી યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. આ ત્રણેય દિવસની ઇવેન્ટમાં એવાયએસ ટીમના ૫૧ સભ્યમાંના એક ધારિણીબેને વિના મૂલ્યે તેમની એન્કરશીપ હેઠળ સહુને માટે મોજ-મસ્તી, આનંદ અને દોસ્તીનો માહોલ બનાવ્યો હતો.

યંગ બ્રિગેડ ટીમનાં કન્વિનર કાર્તિક મોમાયા સાથે રાહુલ મોતા, હેમિલ દંડ, મયૂરી દંડ, શિવાની ગોસર, શ્રીયા મોમાયા, કેવલ લાલકા, કુણાલ ધરમશી, તરૂણ મૈશેરી, ધનિષ્ઠા ધરમશી, જય ખોના અને કિનલ લોડાયા એ જોશવંતા સક્રિય કાર્યકર્તાઓએ સાથે મળી આ સંપૂર્ણ કાર્યક્રમની તૈયારી કરી હતી.

આવનાર સમયમાં યંગ બ્રિગેડની સાંકળ મજબૂત બનતી જશે અને આપણો યુવા વર્ગ જ્ઞાતિનું એક શ્રેષ્ઠ ઉદાહરણ બનશે એમ એક અખબારી યાદીમાં ભાવીનીબેન લોડાયાએ જણાવ્યું હતું.



# જ્ઞાતિમૈયા વિશેષ પૂર્તિ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

## શ્રી સુધર્મા પાટોત્સવ

## અચલગચ્છાધિપતિ પદ પ્રદાન




**સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતી પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે....**

**જ્ઞાતિમૈયાનો તા. ૨૨ એપ્રિલ ૨૦૨૧ નો અંક વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત થશે. આ અંકમાં આપના/ શ્રી સંઘના/મહાજનના શુભેચ્છા સંદેશ આપના ફોટોગ્રાફ સાથે તા.૨૦ એપ્રિલ ૨૦૨૧ સુધીમાં મોકલવા વિનમ્ર નિવેદન છે.**

## કલર ફુલ પેજ રૂા.૮૦૦/- • કલર હાફ પેજરૂા.૫૦૦/-

### જાહેરાત આપવા માટે સંપર્ક

Manisha Lalka - 9820545734 • Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ

SHREE K.D.O. JAIN SARVODAY MANDAL - MULUND
ESTD.1964

## અઢળક પ્રોજેક્ટ સંચાલિત કરી શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળ અગ્રપણે રહે છે



**જયંત છેડા**
**તંત્રી સ્થાનેથી**

શ્રી કચ્છી દશા ઓસવાલ સર્વોદય મંડળ એક ધબકતું સંગઠન છે. જે સતત વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે. બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલોને ગમતી, ઉપયોગી કાર્ય પ્રવૃત્તિઓ સંચાલિત કરી સમાજમાં અગ્ર ભાગ ભજવે છે.

ગુર્જરમાત મીડિયા પાર્ટનર તરીકે શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળ સાથે જોડાઈ ખુશી અનુભવે છે. જ્ઞાતિ સમાજ માટે થતી આ વિવિધ પ્રવૃત્તિઓ દરેક વયના સમાજજનોને માટે યર્થાથ પરિણામ આપનારી છે જે એની વિશિષ્ટતા દર્શાવે છે.

શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળ મુલુંડની કમિટી, તેના પદાધિકારીઓ વિશાળ વિઝન ધરાવે છે. જે તેમની દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓમાં ઝળકે છે. રમતગમત સાહસ, મનોરંજન, ધાર્મિક, સ્વાસ્થ્ય જાગૃતિ, મહિલા ઉપયોગી, બાળકોને મનગમતી પ્રવૃત્તિઓના પ્રોજેક્ટ કરી એક સાથે જોડી રાખે છે એ સંચાલકોની વિશિષ્ટતા છે. આમાં નાવીન્ય છે, સમાજસેવા ભાવના છે અને એકતા અને સંગઠનની પ્રતિબધ્ધતા વધે એનો ભાવ છે.

સર્વોદય મંડળ કોરોનાના કપરા કાળમાં અટક્યા વગર પ્રવૃત્તિઓ જારી રાખી પોતાના ધ્યેય પ્રત્યે એકલવ્ય ભાવે સતત ગતિમાન રહ્યું છે જે પ્રશંસનીય છે. માત્ર સોશ્યલ ગ્રુપ ન બની રહેતા સમાજ સેવાના કાર્યો કરી પ્રતિબધ્ધતા જાળવી રાખી છે. જે અન્ય સમાજના સંગઠનો માટે અનુકરણીય લાયક છે. શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળના કાર્યોની સુરભિ સર્વત્ર પ્રસરે એવું જરૂર ઈચ્છીએ.

## વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું આ કાર્યકાળ



**મયૂર મણિકાંત ધુલ્લા**
**પ્રમુખશ્રી**

શ્રી કચ્છી દશા ઓસવાલ સર્વોદય મંડળ મુલુંડની ધૂરા મેં સંભાળી ત્યારે એ લક્ષ્ય રાખ્યું હતું કે જ્ઞાતિજનોમાં મેડિકલ, હેલ્થ, સ્પોર્ટસ, એક્ટિવિટિઝમાં વધુમાં વધુ પ્રવૃત્તિઓ કરવી. યુથને ગમતાં પ્રોજેક્ટમાં વધારો કરવો. વર્ષ ૨૦૧૮થી ૨૦૨૧ સુધીની ટર્મમાં જે જે પ્રવૃત્તિઓ કરી એનો ટૂંક ચિતાર અત્રે પ્રસ્તુત કર્યો છે. આ સર્વે પ્રકલ્પને જ્ઞાતિના વિવિધ વય ગટના સૌનો સાથ મળ્યો, ઉત્સાહપૂર્વક આમાં જોડાયા અને આનંદ માણ્યો.

આયોજન સંપન્ન કરાયેલ કાર્યક્રમોમાં બાળકો, મહિલાઓ, યુવાનો અને વડીલોને મનગમતી પ્રવૃત્તિઓ દ્વારા લાભ પ્રાપ્ત થયો. સમયાંતરે થયેલ આ પ્રવૃત્તિ આયોજન સૌને પસંદ પડી એનો સંતોષ છે. વડીલોએ પેઈન્ટોલોજી જેવી મન પ્રફુલ્લિત પ્રવૃત્તિ માણી અને બચપન કી યાદે કાર્યક્રમ દ્વારા સૌ પોતાના ભૂતકાળમાં ટહેલવાનો આનંદ માણ્યો. અધિષ્ઠાયિકા દેવી મહાકાળી માતાજીની ગોલ્ડન જ્યૂબિલી ભક્તિ ભાવના અને પાવાગઢ યાત્રા પ્રવાસ બલસાણા પારોલા યાત્રા પ્રવાસના માધ્યમથી ધર્મ ભાવનો રંગ ઘૂંટાયો, બુક બેંક, સરસ્વતી સન્માન દ્વારા વિદ્યાર્થી છાત્રોને ઉપયોગી પ્રવૃત્તિ થઈ તો તેજસ્વી વિદ્યાર્થીઓનો સત્કાર કરાયો, યુથ ટ્રેઝર હન્ટ, સાઈકલ રાઈડીંગ અને ટ્રેક દ્વારા યુવાનોની સાહસિક ભાવનાને ઉત્તેજન મળ્યું તેમજ સાયકલવીર યુવાનોનો સત્કાર કરી તેમનો ઉત્સાહ વધારાયો. બ્લડ ડોનેશન કેમ્પ જેવી પ્રવૃત્તિમાં કો-સ્પોન્સર્સ તરીકે જોડાઈ સમાજપયોગી કાર્યમાં ઋણ અદા કરવાનું યોગદાન મળ્યું. હેલ્થ અને ફિટનેસની અવેરનેસ વધારવા હેલ્ધી કેડીઓ અને બિદડા નેચર કેમ્પ જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી જેની સમયાંતરે પુચ્છા થતી રહે છે. આ પ્રોજેક્ટને લીધે હેલ્થ એવરનેસ વધી છે એ ખુશીની વાત છે. આ સફળતાનો શ્રેય હું મારા સંપૂર્ણ કમિટીને આપવા માંગુ છું જેના સતત સાથ અને સહકારથી આ ૩ વર્ષનો કાર્યકાળ સતત પ્રવૃત્તિઓથી ધમધમતો રહ્યો એનો સંતોષ છે. આ માટે આ તબક્કે સર્વ જ્ઞાતિજનોનું હું આભાર માનું છું અને આમ જ તમારો પ્રેમ વરસાવતા રહેજો તેમજ અમને કામ કરવાની તક આપતા રહેજો.



**શ્રી ખીમજી ગેલાભાઈ ખોના**
**સ્થાપક પ્રમુખ (વર્ષ-૧૯૬૪)**

### ભૂતપૂર્વ પ્રમુખોની યાદી



PRATAP G. LODAYA (1966 - 1972)



RAICHAND R. KARANI (1972 - 1976)



VISANJI H. CHHEDA (1976 - 1978)



LAHERCHAND K. MOTA (1978 - 1982)



PADAMSHI T. KHONA (1982 - 1986)



DHANJI B. BHEDA (1986 - 1991)



JAVERCHAND K. MOMAYA (1991 - 1998)



NAVIN M. MAISHERI (1998 - 2000)



LAXMICHAND U. MAISHERI (2000 - 2004)



DOLLAR P. LODAYA (2004 - 2008)



VIJAY M. MOMAYA (2008 - 2010)



MANIKANT H. DHULLA (2010 - 2014)



HANSKUMAR D. MAISHERI (2014 - 2016)



GULAB K. MAISHERI (2016 - 2018)

# કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળ દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન થયેલા કાર્યો ઝાંખી



વડિલો માટે યોજાયેલ પેન્ટોલોજી કાર્યક્રમ



કિડ્સ સ્પેશીયલ યોગા કાર્યક્રમ



મહિલાઓ માટે બેન્કીંગ માહિતી સેમિનાર



બાળકો માટે ઉપલબ્ધ કરાયેલ રમત ગમતના સાધનો



વાઈબ્રન્ટ આઈ કેર હૉસ્પિટલના
ડૉ.હર્ષ મેપાણીને સન્માન પત્ર અર્પણ



બિદડા નેચર કેમ્પ (સીઝન – ૧)માં
સહભાગી થનાર જ્ઞાતિજનો



બાળકો માટે કિડ્ઝીબીશન કાર્યક્રમ



ઈન્ટરનેશનલ યોગા દિવસની ઉજવણી

# કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળ દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન થયેલા કાર્યો ઝાંખી



સાઈક્લીંગ કેમ્પ



મહિલા સ્નેહમિલન કાર્યક્રમ ૨૦૧૯



તીકોના ગઢ (પાવને લોનાવલા) ટ્રેકીંગ કાર્યક્રમ







શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ દ્વારા ગોલ્ડન જ્યુબીલી કાર્યક્રમ – મહાકાળી માતાજીની ભાવના



પાવાગઢ યાત્રાપ્રવાસ



બલસાણા, પારોલા અને દેવલાલી તીર્થ દર્શનનો કાર્યક્રમ

# કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળ દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન થયેલા કાર્યો ઝાંખી





બિદડા નેચર કેમ્પ (સીઝન - ૨)માં સહભાગી થનાર જ્ઞાતિજનો



સરસ્વતી સન્માન કાર્યક્રમ ૨૦૧૯ દરમ્યાન વિધાનસભ્ય
મિહીર કોટેચાનું વિશેષ સન્માન



યુથ ટ્રેઝર હન્ટ કાર્યક્રમ





હેલ્ધી કેડીઓ સેશન કાર્યક્રમ





કચ્છ યુવક સંઘના સથવારે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પ ૨૦૧૮

# કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળ દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન થયેલા કાર્યો ઝાંખી





સરસ્વતી સન્માન કાર્યક્રમ ૨૦૧૯



બિદડા નેચર કેમ્પ (સીઝન - ૩)માં
સહભાગી થનાર જ્ઞાતિજનો



રતનવીર ખાતે ડૉક્ટર ટીમને
સન્માન પત્ર અર્પણ









નીવ તેમજ પ્રિ વીલેજ કાર્ડની શરૂઆત



બિદડા નેચર કેમ્પ (સીઝન - ૪)માં
સહભાગી થનાર જ્ઞાતિજનો



બિદડા સર્વોદય ટ્રસ્ટના શ્રી હેમંતભાઈ રાંભીયાને
સન્માન પત્ર અર્પણ

# કે.ડી.ઓ. જૈન સર્વોદય મંડળ દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન થયેલા કાર્યો ઝાંખી





બચપન કી યાદે કાર્યક્રમ



શ્રી ભલારા દાદા પહેડીમાં કેડીઓ સર્વોદય મંડળના વોલીયન્ટર ભાઈઓ



મુંબઈ મહાજનની ચૂંટણીમાં કેડીઓ સર્વોદય મંડળના વોલીયન્ટરો ભાઈઓ-બહેનોની સેવા



બિદડા નેચર કેમ્પ (સીઝન – ૫)માં સહભાગી થનાર જ્ઞાતિજનો



સાહસિક સાયકલવીર યુવાનોનો સત્કાર



મસાલા વિતરણ કાર્યક્રમ

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ

SHREE K.D.O. JAIN SARVODAY MANDAL - MULUND
ESTD.1964

## ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીના કારોબારી સભ્યો


મયુર મણિકાંત ધુલ્લા
પ્રેસિડન્ટ (જખૌ)


યશોધન રાયચંદ કારાણી
વાઈસ પ્રેસિડન્ટ (સુથરી)


જીગ્નેશ કુંવરજી મોતા
સેક્રેટરી (રાપર ગઢવારી)


રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા
જોઈન્ટ સેક્રેટરી (જખૌ)


રોપીન જયચંદ નાગડા
ટ્રેઝરર (નલીયા)


રાહુલ પુનમચંદ મૈશેરી
કમિટી મેમ્બર (લાલા)


ભૌમિક પંકજ લોડાયા
કમિટી મેમ્બર (સુથરી)


મહેશ હંસરાજ દંડ
કમિટી મેમ્બર (સાંધવ)


પ્રેમ ગુલાબચંદ ચુરલા
કમિટી મેમ્બર (સાંધાણ)


સંદીપ નવીનચંદ્ર લોડાયા
કમિટી મેમ્બર (સાંધવ)


કલ્પેશ ખીમજી લોડાયા
કમિટી મેમ્બર (તેરા)


તેજસ બકિમચંદ લાલકા
કમિટી મેમ્બર (લાલા)


ડાયમંડ અશોક દંડ
કો.ઓપ્ટ (વરાડીયા)


અનિક નરેન્દ્ર ધરમશી
કો.ઓપ્ટ (સુથરી)


નિશાંત સંજય નાગડા
કો.ઓપ્ટ (નલિયા)

## અભિનંદન... અભિનંદન... અભિનંદન... અભિનંદન

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ

## મહિલા વિભાગ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીના કારોબારી સભ્યો


વિરાજ મયુર ધુલ્લા
પ્રેસિડન્ટ (જખૌ)


લતા ભાગચંદ કારાણી
વાઈસ પ્રેસિડન્ટ (સુથરી)


કાશ્મીરા પ્રેમ ચુરલા
સેક્રેટરી (સાંધાણ)


સેજલ જીંતન દંડ
જોઈન્ટ સેક્રેટરી (સુથરી)


રાની રોપીન નાગડા
ટ્રેઝરર (નલીયા)


નીતલ હિનેશ લોડાયા
કમિટી મેમ્બર (વાંકુ)


નુતન રાજેન્દ્ર ધુલ્લા
કમિટી મેમ્બર (જખૌ)


દિપા હિરેન નાગડા
કમિટી મેમ્બર (જખૌ)


ભારતી ડોલર લોડાયા
કમિટી મેમ્બર (સુથરી)


હેતલ મયુર લોડાયા
કમિટી મેમ્બર (બાંડીયા)


રીના લાજેશ લોડાયા
કમિટી મેમ્બર (કોઠારા)


પારુલ યોગેશ ધુલ્લા
કમિટી મેમ્બર (કોઠારા)


રિંકીતા અંકિત મૈશેરી
કમિટી મેમ્બર (માંડવી)


હિના રાહુલ મૈશેરી
કમિટી મેમ્બર (લાલા)


છાયા મહેશ દંડ
કમિટી મેમ્બર (સાંધવ)

**અભિનંદન... અભિનંદન... અભિનંદન... અભિનંદન**

# અમદાવાદ મહાજન દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ભોજનની વ્યવસ્થા

શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ મેડિકલ હેલ્થ કમિટી દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ભોજનની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવશે. સહવિશેષ જણાવવામાં આવ્યું હતું કે સવાર તેમજ સાંજ માટે ટીફીન પહોંચાડવાની તેમના નિવાસ સ્થાને પહોંચે તેવી વ્યવસ્થા રાજેશ ધરમશી અને દેવેશ દંડ દ્વારા કરવામાં આવી છે. કોઈને ટીફીન જોઈતો હોય તો તેઓ ગૌરાંગ મૈશેરી-૭૩૮૩૩૩૩૪૯૬, સંદીપ એન.મોતા- ૭૮૭૮૭૫૭૯૪૦ સંપર્ક સાધી.

અમદાવાદમાં રહેતા કોઈપણ જ્ઞાતિજનને મેડિકલ બાબતે કોઈપણ જાણકારી જોઈતી હોય તો તેજસ લોડાયા-૯૯૨૫૦૧૯૩૩૬ નો સંપર્ક સાધવો.

# પ.પૂ. સાધ્વીશ્રી સંસ્કાર નિધિશ્રીજી મ.સા.ના સંયમ જીવનના પંદરમા વર્ષમાં પ્રવેશ પગરણ







માવિત્રનું નામ માતુશ્રી વિમલાબાઈ શાંતિલાલ ભવાનજી મોતા ગામ કુવાપધ્ધર. દીક્ષા તિથિ ફાગણ વદ સાતમ વિ.સંવત ૨૦૬૩. દીક્ષા સ્થળ ભારત નગર ગાંધીધામ. ગુરૂનું નામ પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.

પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા. સંયમ જીવનના ૧૪ વર્ષ પરિપૂર્ણ કરી ૧૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પૂજ્યશ્રી સંસારી જીવન કાળમાં કચ્છ પ્રદેશના માંડવી તાલુકાના બાડા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતા. તે સમયે મેરાઉ વિદ્યાપીઠમાં કન્યાઓને પણ તાલીમ આપવા નિયમિત આવતા હતા. સંસારી જીવનનું નામ સંધ્યાબેન હતું.



## ભાંડુપ સંઘમાં આદિનાથ દાદાની અદ્ભૂત આંગી કરાઈ

તા. ૪ એપ્રિલ રવિવારના દિને ભાંડુપ સંઘમાં આદિનાથ દાદાના જન્મ અને દિક્ષા કલ્યાણક દિવસ નિમિત્તે વિવિધ રંગોના ફૂલો દ્વારા અદ્ભૂત પ્રકારે આંગી કરાઈ. જેની એક માત્ર ઝલક પામી દર્શનાર્થીઓ ધન્યતા અનુભવી હતી.



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ
જૈન મહાજન



# ONE STEP TOWARDS AATMANIRBHAR KDO NARI

Samast Mahajan KDO Swaroj Team & Samast Mahajan KDO Women Empowerment Committee are pleased to announce support of Sewing Machines to Women aspiring to be Aatmanirbhar!

THANK YOU FOR ALL THE SUPPORT AS DONERS-

**HEMABEN G CHHEDA & JAYSHRI K DAND**





**Highly Needy KDO family can apply for Sewing Machine || Application to be made to KDO SWAROJ TEAM**

**Contact: Ms Sheetal Dhulla @ 9099041414 / Mr Manish Bhai @ 7506070851**

☆ Nishit Dand || Adv. Minal B Khona || Viraj Dhulla || Khyati Dharamshi || Divya Momaya || Mahima Dand ☆

## પરબ
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

વિડીયો જોવા માટે
અહીં નીચે ક્લીક કરો
YouTube

પહેલું સુખ તે જાતે નર્યા!
**પરબ** લાવી રહ્યું છે
ફક્ત આપની માટે આરોગ્યમય જીવન માટેનું સચોટ માર્ગદર્શન



# સ્વાસ્થ્ય સંજીવની
## સ્વસ્થ રહો ● ખુશ રહો

સારૂ સ્વાસ્થ્ય એજ આપની સાચી મૂડી છે
આ મૂલ્યવાન મૂડીના સંરક્ષણ તથા સંવર્ધન માટે

## આ કાર્યક્રમની પ્રથમ કડી ‘પ્રતિરક્ષાને પેલે પાર ...’

**શરૂ થાય છે ૧ મે ૨૦૨૧થી** — **કન્યાઓ તથા મહિલાઓ માટે**

૩ મહિનાની વેબીનાર શૃંખલા જેમાં નીચે મુજબનાં વિષયો આવરી લાવામાં આવશે.

યોગ પ્રયોગ ● ધ્યાન વિજ્ઞાન
પોષક આહાર ● માનસિક તથા ભાવાનાત્મક સુખાકારી

જે–તે ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા સંચાલિત

લાઈવ શારીરિક કસરતો તથા યોગા
દર મંગળવાર અને ગુરુવાર
સવારના ૭.00 થી ૮.00 કલાકે

લાઈવ ઈન્ટરેક્ટિવ વેબિનાર્સ
દર મહિનાના બીજા અને ચોથા શનિવારે
સાંજના ૪.00 થી ૫.00 કલાકે

**3 મહિનાના રૂપિયા 2100/- આપનું નામ નોંધાવવા સંપર્ક કરો :**

**સંપર્ક :** અમી શાહ - 9867235490 • રિતીકા લાપસીયા - 9820600089

## ડગલે ડગલે સ્વાસ્થ્ય સધાય

# સુધર્મા પાટોત્સવની આમંત્રણ પત્રિકા લખાઈ અને કંકુ છાંટણા કરાયા






શનિવાર, તા. ૩ એપ્રિલના દિને માટુંગા સંઘના આંગણે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજીસૂરિશ્વરજી મ.સા.ના પાવનકારી નિશ્રામાં સુધર્મા પાટોત્સવની આમંત્રણ પત્રિકા લખાઈ અને તેમાં કંકુ છાંટણા કરાયા

સરકારી નિયમનું પાલન કરી મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓની હાજરીમાં કાર્યક્રમનું સુંદર સંચાલન નરેન્દ્રભાઈ નંદુએ કરેલ.

## બોંતેર જિનાલય તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પધરામણી



તા.૩૧ માર્ચ બુધવાર દિને કચ્છ વિભાગના બોંતેર જિનાલય મહાતીર્થે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પધારેલ. તેમનું વાજતે ગાજતે સામૈયું કરાયું. પૂજ્યશ્રીના આગમનને તીર્થમાં ખુશી આનંદનો ભાવ વર્તાયો હતો.

## નરેન્દ્રભાઈ નંદુ ‘ભા’ના રજત વર્ષીતપ નિમિત્તે ચાલીસ તપસ્વીઓ વર્ષીતપ પચ્ચખાણ ઉચ્ચારણ લીધા





સાહિત્ય દિવાકર અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં માટુંગા મુકામે શ્રીયુત નરેન્દ્રભાઈ નંદુ ‘ભા’ના રજત વર્ષીતપ નિમિત્તે શ્રી જોગેશ્વરી સંઘના ચાલીસ તપસ્વીઓ ચૌમુખજી પરમાત્મા નાણ સમક્ષ વર્ષીતપ પચ્ચખાણ ઉચ્ચારણ લીધા.

## સંસદ સભ્ય (વીઆરએલવાળા) વિજય શંખેશ્વર દંપતી જીવન સંધ્યા "સુખાલય" ગદગની મુલાકાતે





હુબલીના શ્રી વિજય શંખેશ્વર અને તેમના પત્ની લલિતાબેનએ જીવન સંધ્યાની મુલાકાત લીધી અને અત્રે રહેતા વડીલોને સગવડ મળે છે એ વિષે વિસ્તૃત રીતે જાણકારી મેળવી. અત્રેની સુવિધા સગવડ જાણી સંતોષ વ્યક્ત કર્યો હતો. જનરલ પબ્લિક માટે નામ માત્ર ચાર્જ લઈને અત્રે દાખલ કરાય છે એ જાણી નવાઈ પામ્યા હતા તેમણે વ્યવસ્થા બદલ પોતાના સૂચન પણ આપ્યા હતા. શ્રી વિજયજી વીઆરએલ લોજિસ્ટીક લીમીટિડના ચેરમેન છે. ટ્રક અને પેસેન્જર બસોનો બહોળો કાફલો ધરાવે છે. જે માત્ર ભારત જ નહીં દુનિયાભર માટે રેકોર્ડ છે. તેઓ કન્નડ ભાષાનું અખબાર વિજયવાણી અને ટી. વી.ચેનલ દિગ્વિજયની માલિકી ધરાવે છે અને બહુખૂબીથી સંચાલન કરે છે. તેઓ પોતાના બે એરોપ્લેન ધરાવે છે. આ અગાઉ તેઓ બીજેપી દ્વારા બે ટર્મ સુધી લોકસભાના મેમ્બર રહી ચૂક્યા છે. તેઓ અત્રેના ટ્રસ્ટીઓ સાથે વાર્તાલાપ કરી આહાર અને અત્રે અપાતી સુવિધાઓમાં બદલાવ કરવા માટે સૂઝાવ આપ્યા હતા.

આ ઉપરાંત શ્રી દિપચંદ બાગમાર જેઓ રાજસ્થાન સમાજ ગદગના જાણી સમાજસેવક છે. તેઓએ પણ જીવન સંધ્યાની મુલાકાત લીધી હતી. સ્થાનિક ટ્રસ્ટીઓએ પધારેલ મહાનુભાવોને આવકાર આપી. અત્રેની વિસ્તૃત માહિતી આપી તેમને જાણકારી આપી.

## ગોએરસમા અને બારોઈ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે ધાર્મિક આરાધનાઓ કરાઈ





કચ્છ મુંદ્રા તાલુકાના ગોએરસમા અને બારોઈ એ બન્ને ગામોના જિનાલયોની વર્ષગાંઠ પ્રસંગે ફાગણ વદ ૧ અને ફાગણ વદ ૨ના દિને પ.પૂ.શ્રી કંચનસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ. સંપૂર્ણ સંચાલન અને વિધિ વિધાન સ્થાનિક શ્રાવક હેમંત ગુટકાએ કરેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર સહભાગ લીધો હતો.





# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ દ્વારા નિઃશુલ્ક કોવિડ રસીકરણ કેમ્પ યોજાયો



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગાંધીધામ તથા લાયન્સ કલબ ઓફ ગાંધીધામ ન્યૂ હોરાઈઝનના સંયુક્ત ઉપક્રમે તા.૩ એપ્રિલ શનિવાર રોજે બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો તથા અન્ય નાગરિકો માટે કોવિડ રસીકરણ કેમ્પનું નિઃશુલ્ક ધોરણે આયોજન કરવામાં આવેલ.



કોરોના જેવી મહામારીથી બચવા ભારત સરકાર દ્વારા ચાલુ કરવામાં આવેલ રસીકરણ અભિયાનમાં આપણા સમાજના દરેક વ્યક્તિને રસી મળે તે હેતુ સાથે ૪૫ વર્ષથી ઉપરના તમામ વ્યક્તિઓ માટે કેડીઓ ભવન મહાજન વાડી મધ્યે સવારે ૧૦ કલાકે દીપ પ્રાગટ્ય કરી કેમ્પની શુભ શરૂઆત કરવામાં આવેલ.

કાર્યક્રમમાં કદઓ મહાજન પ્રમુખશ્રી લહેરચંદ આણંદજી ખોના, માનદમંત્રી મહેશ લાલકા, જ્ઞાતિ અગ્રણી મધુકાન્તભાઈ શાહ, યુવક મંડળ પ્રમુખ હિતેન છેડા, મહિલા મંડળ પ્રમુખ મીનાબેન લાલકા, મંત્રી લિપિકાબેન મૈશેરી, મહાસમિતિના સભ્યો અરવિંદ લોડાયા, નિરંજન લોડાયા તથા એડવોકેટ કેતન લોડાયા, કાઉન્સીલરો કમલ શર્મા, ભરત મિરાણી, નયનાબેન દેવજી હિંગણા તથા ગોમતીબેન વીરજીભાઈ પ્રજાપતિ વિગેરે હાજર રહ્યાં હતાં. તેમની સાથે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કન્નર સાહેબ, ગાંધીધામ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ સુતરીયા, મેડિકલ ઓફિસર ડૉ. જાદવની નિગરાની હેઠળ લગભગ ૧૪૦થી વધુ વ્યક્તિઓએ આ નિઃશુલ્ક રસીકરણ કેમ્પનો લાભ લીધો હતો. પ્રતિક કેટરર્સના ભીખાલાલ શાહનો સહયોગ મળેલ હતો.



આ અવસરે કચ્છ એકમ, યુવક મંડળ, મહિલા મંડળ અને લાયન્સ કલબ ઓફ ગાંધીધામ ન્યૂ હોરાઈઝનના કારોબારી સભ્યો એ હાજરી આપી હતી. કાર્યક્રમના આયોજનને સફળ બનાવવા મહાજન કારોબારીના લહેરચંદ ખોના, નિરંજન લોડાયા, મહેશ લાલકા, રાજેશ મૈશેરી, અનિલ નાગડા, કાંતિલાલ મોતા, જયેશ લોડાયા, ગીતેન ધરમશી, જેસલ દંડ, વસ્તુપાલ નાગડા, નિલેશ ધરમશી, ભૂપેન્દ્ર લોડાયા, મિતેશ ધરમશી, મહેશ લોડાયા, સંદિપ સાંયા ઈત્યાદીઓ ભારે જહેમત ઉઠાવી રસીકરણ કેમ્પને સફળ બનાવ્યું હતું.

# કચ્છના વર્ધમાન નગરના શ્રી વિમલનાથ જૈન દેરાસરજીને નવ લાખ ફૂલોથી ભવ્ય અને આકર્ષક શણગાર કરાયો






તા. ૪ એપ્રિલ રવિવારના દિવસે કચ્છના પાટનગર ભુજ પરિસરમાં ભુજોડીના વર્ધમાન નગરના શ્રી વિમલનાથ જૈન દેરાસરજીને વિવિધ પ્રકાર અને રંગછટા ધરાવતાં નવ લાખ સાચાં ફૂલોથી શણગાર કરાયો. ફૂલોની અદ્‌ભૂત કળા દર્શન જે સમગ્ર કચ્છમાં પ્રથમવાર કરાયા હોવાનો આ એકમાત્ર દાખલો છે એવું જાણકારો કહે છે અને એ ખરેખર સાચી હકીકત છે એ શોભા શણગારની ઝલક જોનારા સૌને પણ લાગે છે.



# કચ્છના શિવમસ્તુ તીર્થે ૯૦ દીક્ષાર્થીઓના પાવન પગલાં થયાં




કચ્છ પ્રદેશના બંદરીય શહેર માંડવી વિસ્તારમાં આવેલા સુવિખ્યાત અને એકમાત્ર શિવમસ્તુ સમવસરણ જૈન તીર્થ મધે તીર્થના પ્રેરણામૂર્તિ ગુરૂગણના પરમ કૃપા પાત્ર પ્રવચન પ્રભાવક શ્રી પૂર્ણભદ્ર મ.સા.ના પરમ સાંનિધ્યમાં નજીકના સમયમાં જ દીક્ષા ગ્રહણ કરનાર જુદા જુદા સંપ્રદાયના ૯૦ દીક્ષાર્થીઓ એક સાથે પધારતા તીર્થ આંગણે આનંદની લહેર પ્રસરી ઉઠી હતી. સમવસરણને જુહારી તીર્થની ભવ્યતા જોઈ સૌના મન મયૂર આનંદ ભાવથી નાચી ઊઠ્યા હતા. ગુરૂદેવનું પ્રવચન સાંભળી સહુ હર્ષ વિભોર બની ગયા હતા. પૂજ્ય શ્રી પોતે આ કાળમાં આવા દશ્ય અને વિરલ ઘટનાઓને અજાયબી ગણાવી ગદગદિત થઈ ગયા હતા.

સંસ્થાના ટ્રસ્ટી જયેશભાઈ જી. શાહે સૌ પ્રથમ દીક્ષાર્થીઓની પંચતીર્થી યાત્રાના આયોજક અને અખિલ ભારત જૈન સંઘના મંત્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા કોઠારા-ડોંબિવલીનું બહુમાન સાથે અભિવાદન કર્યું હતું. ત્યારબાદ દરેક દીક્ષાર્થીઓનું અમિત સુકૃત પરિવાર તથા શિવમસ્તુ તીર્થ વતી બહુમાન કરાયું હતું.

દીક્ષાર્થી બહેનોનું બહુમાન રીટાબેન શાહ તથા રૂપલબેન શાહના હસ્તે થયું હતું. પૂ.બા.મહારાજ સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી મહાપદગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.આ.દીપચંદ્રાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી અર્ચિતગુણાશ્રીજી મ.સા. આદિ પૂજ્ય સાહેબોએ આશીર્વાદ આપ્યા હતા.

પ્રવીણભાઈ લોડાયા એ તીર્થની સરાહના સાથે મ.સા.ની વિશિષ્ટ શક્તિઓ અને સંઘ સમાજ ઉપરના ઉપકારોને અંતઃકરણથી બિરદાવ્યા હતા. બાદમાં સાંજે પાંચ વાગ્યે દેઢિયા તીર્થ તરફ પ્રયાણ કર્યું હતું.

# કેડીઓ સ્ટૂડન્ટ એસોશિયેશનની ટર્મ ૨૦૨૧-૨૩ માટે મેનેજીંગ કમિટીના પદાધિકારીઓની વરણી થઈ




જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે એકમાત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા શ્રી કચ્છી દશા ઓસવાલ સ્ટુડન્ટ એસોસિએશનની ટર્મ વર્ષ ૨૦૨૧-૨૦૨૩ માટે મેનેજીંગ કમિટી માટે પદાધિકારીઓની વરણી કરાઈ.

જેમાં પ્રેસીડન્ટ પદે મિત સંજય મૈશેરી, સાંધાણ-ડોંબિવલી, વાઈસ પ્રેસિડન્ટ ચિરાગ પ્રકાશ લોડાયા, સાંયરા-વડાલા, સેક્રેટરી તરીકે ઉજવલ પીયૂષ લોડાયા સાંયરા-નાલાસોપારા, ટ્રેઝર અશ્વિન શાંતિલાલ લોડાયા, મોટી ખાવડી-ઘાટકોપર, જોઈન્ટ સેક્રેટરીઓ કુમારી કાજલ દિલેશ ધ્રોળ કોટડી-ભાંડુપ અને ઉમંગ મનિષ લોડાયા, વારાપધ્ધર-મુલુંડ, જોઈન્ટ ટ્રેઝરરો પારસ મયૂર ધરમશી સાંયરા-ઘાટકોપર અને મોહિત અનિલ લાપસિયા, દલતુંગી-ભાંડુપ તથા કમિટી મેમ્બર તરીકે કુમારી મિરલ સચિન દંડ, સાંધવ-ભાંડુપ, જૈનમ નીતિન નાગડા, રંગપુર-ડોંબિવલી તથા કુમારી ક્રિશા નીતિન સાયલા, તેરા-મુલુંડ.

આ ઉપરાંત નોમિની મેમ્બર ઉર્મિન જયેશ મણિલાલ લોડાયા, સુથરી-ઘાટકોપર તથા અનુજ ગિરીશ મેઘજી લોડાયા, રવ-ડોંબિવલી, કો.ઓપ્ટ મેમ્બર શ્રીમતી ચાંદનીબેન પરેશ લાલકા લાલા-વાશી તથા શ્રીમતી હર્ષાબેન હેમાંગ ધરમશી, સુથરી-વરલી, ઓડિટર મેસર્સ એન.બી.શાહ એન્ડ એસોસિએટસ નરેશ ભવાનજી શાહ, નલિયા-ઘાટકોપર, કાર્યાલય સમિતિ મેમ્બર કીરિટ લક્ષ્મીચંદ લાપસિયા, રવ-ચેમ્બુર, હિરાચંદ દામજી દંડ, મંજલ રેલડિયા-અંધેરી તથા શૈલેશ શાંતિકુમાર લોડાયા, મોટી સિંધોડી-સાયન, પ્રેસિડન્ટ મીત સંજય સોમચંદ મૈશેરી, સાંધાણ-ડોંબિવલી અને સેક્રેટરી ઉજવલ પીયૂષ કુંવરજી લોડાયા, સાંયરા-નાલાસોપારાની વરણી કરાઈ છે.

# શ્રી ગુણ ગુણોદય સિધ્ધાચલ કન્યા ૯૯ યાત્રા મુલત્વી રખાઈ

શ્રી ગુણ ગુણોદય સિધ્ધાચલ કન્યા ૯૯ યાત્રા ઉનાળાના વેકેશનમાં શંત્રુજ્ય ગિરિરાજની ઉનાળાના વેકેશનમાં શત્રુંજ્ય ગિરિરાજની યોજાયેલ કન્યા ૯૯ યાત્રા વર્તમાન સમયે કોરાના મહામારીનો વિસ્ફોટને કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિને લક્ષ્યમાં રાખી મુલત્વી રાખવામાં આવેલ છે. આ વર્ષે ૯૯ યાત્રા માંગલિક રહેશે. જેની નોંધ સર્વે એ લેવી આની જાણ એકબીજાને કરવા વિનંતી એવી સૂચના રામજી શામજી ઘરોડ અને સાથી કાર્યકરો દ્વારા અપાઈ છે.

## યુવા મુનિશ્રી ગુણવલ્લભ મ.સા.ના કેશ લોચ માટુંગા સંઘમાં સંપન્ન થયા



તા. ૮ એપ્રિલ ગુરૂવારના દિને માટુંગા સંઘમાં બિરાજમાન યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના કેશ લોચ આજે સંપન્ન થયા. પ.પૂ.અચલગચ્છનાયક આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના નિશ્રામાં રહેતા ૧૪ ઠાણા સુખ શાતાપૂર્વક બિરાજમાન છે. સૌની વાચના, સેવા-સ્વાધ્યાયથી અનુમોદના.

## પ.પૂ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની કચ્છ ડુમરા નગરે પધરામણી



તા. ૮ એપ્રિલ ગુરૂવારના પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા કચ્છ પ્રાંતના અબડાસા તાલુકાના ડુમરા નગરમાં પધરામણી કરી. વાજતે ગાજતે ઢોલ નગારાના તાલે શ્રાવિકા બહેનાના સિરે સુશોભિત કળશ અને ગહુલીથી ભક્તિ કરી હતી. પૂજ્યશ્રીઓનું સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભવ્ય રીતે સામૈયું કરી હરખ ભાવ વ્યક્ત કર્યો હતો.

## ભલારાદાદાના લાલપુર સ્થાનકે ભાવિકોને પરિવાર સહિત પહેડી પ્રસાદ, દર્શન અને આશીર્વાદાર્થે પધારવાનું આમંત્રણ

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર સર્વે ભાવિક ભક્તોને આમંત્રણ આપે છે કે આપ સૌ આપના પરિવાર અને મિત્રો સાથે લાલપુર સ્થાનકે દાદાના પહેડી પ્રસાદ, દર્શન અને દાદાના આશીષ મેળવવા માટે જરૂર પધારશો.

આધુનિક સુવિધા યુક્ત અતિથિગૃહમાં રહેવાની સગવડ છે. નવકારશી તેમજ ભોજનની સુંદર વ્યવસ્થા છે. રમણીય, પ્રાકૃતિક અને કુદરતી હરિયાળું વાતાવરણ શુધ્ધ હવામાન છે. જે માણીને તન મન તાજગી અનુભવશે. આપ આપની યથા શક્તિ મુજબ વધુમાં વધુ ફાળો ભલારાદાદા ટ્રસ્ટ લાલપુરમાં નોંધાવશો. આજના કપરા ચઢાણમાં આપ સર્વેના સાથ સહકારની ભલારાદાદા ટ્રસ્ટને જરૂર છે. જેથી સારામાં સારી સગવડ આપ સર્વેને ટ્રસ્ટ સુલભ કરાવી શકે. આપના અપ્રતિમ સહયોગની અપેક્ષા ટ્રસ્ટ રાખે છે. ભલારાદાદા ટ્રસ્ટ લાલપુરની બેંક ડિટેલ નીચે મુજબ છે. અરિહંત બેંક S/A No.002001005648 IFSC Codes ICIC00ARIHT, Mulund, Mumbai - 400080.

આપ સૌ ભલારાદાદા સ્થાનક લાલપુર ખાતે પધારો તે પહેલા અગાઉ ફોનથી જાણ કરવા વિનંતી જેથી આપની સગવડ ઉતમ રીતે સાચવી શકીએ. સંપર્ક કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮ અને લાલપુર સ્થાનકે દેવેન્દ્ર જીવાણી-૯૮૩૩૩૮૧૮૭૮

## મુલુંડમાં યોજાનારી ભલારાદાદાની સમૂહ પેડી રદ કરાઈ

ગુડી પડવો મંગળવાર તા. ૧૩ એપ્રિલ ૨૦૨૧ના મુલુંડમાં નિર્ધારિત કરાયેલ ભલારાદાદાની સમૂહ પહેડી આ વર્ષે વર્તમાનમાં કોરોના વાયરસ પ્રકોપ આગની માફક વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ છે તે અનુલક્ષીને અને ગર્વમેન્ટ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાને માન્ય ધરી આ આયોજન રદ કરવામાં આવેલ છે. જેની સૌ ભક્તજનોએ નોંધ લેવી અને નમ્ર વિનંતી કે સૌ પોતપોતાના ઘરમાં પહેડી પ્રસાદ કરી ભલારા દાદાની ભક્તિ ભાવના કરે.

## પ.પૂ.આ.શ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.આ.શ્રી તીર્થગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૨ની મુંબઈ મહાનગરમાં પધરામણી

કચ્છ, ગુજરાત, રાજસ્થાનથી મુંબઈ મહાનગર તરફ આવવા વિહાર શરૂ કરેલ. પણ લોકડાઉનના કારણે અમદાવાદમાં અટકી ગયા હતા અને ચાર્તુમાસ ત્યાંજ કરેલ. તા. ૯ એપ્રિલ શુક્રવારના પૂજ્યશ્રીઓનું દહીંસર સંઘમાં આગમન થયું. શાસન દેવની કૃપાથી પૂજ્યશ્રી સાહેબોના વિહાર નિર્વિધ્ન બન્યા. તેનો ચર્તુવિધ સંઘોના શ્રાવક શ્રાવિકાઓમાં હરખ ભાવ છે.

# અચલગચ્છના ભાલેજ વિસ્તારમાં ભાવી પ્રોજેક્ટના પ્લોટ પર સાધુ સાધ્વીજી ભગવંતોના પગલાં



જે ગામમાં અચલગચ્છ પ્રવર્તક દાદાગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિશ્વરજી મ.સા.ને આચાર્ય પદ અપાયેલ અને તેમણે વિધિપક્ષ અચલગચ્છનું પ્રવર્તન કરેલ તે ગુજરાત પ્રાંતના ભાલેજ વિસ્તારના મણિ લક્ષ્મી તીર્થ પાસે અચલગચ્છનો એક પ્રોજેક્ટ ભવિષ્યમાં નિર્માણ થનાર છે જે માટેની જમીન પર લેવાઈ ગયેલ છે.

પ.પૂ.મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ.સા. આદિઠાણા મુંબઈ પધારતા આ જગ્યા પર પદાપર્ણ કરેલ. તેમને ટ્રસ્ટી મયૂરભાઈ ગાલા (ગાલા બ્રસવાલા) એ સાથે રહી વિગતે જાણ માહિતી આપી પૂજ્ય સાહેબો પાસેથી માર્ગદર્શન લીધું હતું.

## નવનીત નગર ડોંબિવલીના આંગણે યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પધરામણી

તા.૩ એપ્રિલ શનિવાર સવારે પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના પરમ શિષ્ય યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. નવનીત નગર ડોંબિવલીમાં પધરામણી કરેલ. કચ્છ ભોજાયના મુલચંદભાઈ કેશવજીના ચાલી રહેલ અનશન વ્રતને આજના દિવસે ૩૦મો ૮ ઉપવાસ ઉપર પૂજ્યશ્રીએ આગમના આધાર પર અંતિમ નિર્યામણા તથા આલોચણા વિધિ કરાવી. ૩૦ ઉપવાસના પૂર્ણ જાગૃતપૂર્વક પચ્ચખાણ તેઓએ ગ્રહણ કર્યા. મુનિસુવ્રત સ્વામી જિનાલયમાં શનિ ગ્રહાધિપતિ પ્રભુજીના પ્રાચીન પ્રભાવશાળી જાપ ગુરૂદેવએ ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓને કરાવ્યા. પૂ.યુવા મુનિશ્રી નવનીત નગરમાં બની રહેલાં અચલગચ્છના નવનિર્માણધીન ઉપાશ્રયમાં પધારયા અને શાતા સિધ્ધિદાયક માંગલિક સંભળાવી નૂતન ઉપાશ્રયના પગલીયે ડિવાઈન એનર્જીથી સભર કરી ધન્ય બનાવ્યા પૂજ્યશ્રીની ૧૩૬ દિવસથી ચાલી રહી સાધનાનો આજે ૧૩૫ મો દિવસ છે. સીમંધર તીર્થ ગુણવિહાર ધામ શિલફાટામાં પૂજ્યશ્રી બિરાજમાન છે.

# બોંતેર જિનાલય તીર્થે સાધુ સાધ્વીજી ભગવંતોએ રસી લીધી



તા.૩૦ માર્ચ મંગળવાર દિને કચ્છ પ્રાંતના શ્રી યશોધન વર્ધમાન બોંતેર જિનાલય તિર્થ મધે બિરાજમાન ૨૫ થી વધારે સાધુ સાધ્વીજી ભગવંતોએ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લીધો.

માંડવીના અને તલવાણા આરોગ્ય સેન્ટર સાથે જોડાયેલા ડૉ. અશ્મિબેન શાહની નિગરાનીમાં આ વિધિ બખૂબીપૂર્વક સંપન્ન થઈ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સંજીવની ડાયમંડ પેટ્રોન બની જન્મ દિવસની ઉજવણીને યાદગાર બનાવી લોડાયા પરિવારએ




કુમાર ધવલ મયૂર લોડાયાના જન્મદિવસ ને નિમિત બનાવી જીવદયા અને સુપાત્ર દાન હકીકત બનાવનારા માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર મોટી ખાવડી, ઘાટકોપર એ એક પ્રેરક ચીલો બનાવ્યો છે. જે ખરેખર ધન્ય અવસર છે. ધવલ મયૂર લોડાયાના જન્મદિવસ સંજીવની યોજનામાં રૂા.૧ લાખનું માતબર દાન આપી ડાયમંડ પેટ્રોનની યાદીમાં નામ નોંધાવ્યું છે. સ્વર્ગસ્થ સ્વજનની યાદગીરીને આ રીતે તેઓ અણમોલ બનાવી ઉમદા કાર્ય કર્યું છે અને ચીર સ્મૃતિ રહે એવી પહેલ કરી છે.

પરહિતજનો પ્રત્યે કરૂણા ભાવને સદૈવ ઝળહળતો રાખનાર સમગ્ર પરિવારની સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ આભાર ભાવ રાખી અનુમોદના કરે છે.

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં સુવર્ણ પેટ્રોન બનનાર ઉદારદિલ દાતાઓની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકાં પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવ્યો એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



## માતુશ્રી જયાવતી મૈશેરી

કચ્છ-જખૌ, હાલ-પુના

# સંજીવની સુવર્ણ પેટ્રોન

# Rs. 50,000

# ભાવભીની શ્રદ્ધાંજલિ



મુલરાજ એમ. ખોના
તા.૧ એપ્રિલ (ઉ.૬૬)
કોઠારા-વસઈ



ચંદ્રકાંત પી. ધરમશી
તા.૨ એપ્રિલ (ઉ.૮૦)
સુથરી-નાશિક



જિતેન્દ્ર એન. લોડાયા
તા.૩ એપ્રિલ (ઉ.૬૦)
સુથરી-ખરગોન



કસ્તુરીબાઈ વી. ધરમશી
તા.૪ એપ્રિલ (ઉ.૯૧)
કોઠારા-હૈદ્રાબાદ



દક્ષા આર. ગોસર
તા.૪ એપ્રિલ (ઉ.૫૮)
ગોએરસમા-વિરાર



નિરૂપમાબેન એસ. શાહ
તા.૪ એપ્રિલ (ઉ.૭૧)
નલિયા-ગાંધીધામ



મધુરીબેન એન.લોડાયા
તા.૫ એપ્રિલ (ઉ.૬૯)
સાંયરા-ડોંબિવલી



સુર્યકાંત આર.લોડાયા
તા.૫ એપ્રિલ (ઉ.૭૦)
સુથરી-સુરત



ભારતીબેન આર.ખોના
તા.૫ એપ્રિલ (ઉ.૭૨)
તેરા-ઘાટકોપર



ઉર્મિલાબેન દેવશી દંડ
તા.૬ એપ્રિલ (ઉ.૭૮)
સુથરી-ઘાટકોપર



પુનશી એલ.માલદે
તા.૭ એપ્રિલ (ઉ.૮૪)
દલતુંગી-મુલુંડ



હીરા હંસરાજ છેડા
તા.૭ એપ્રિલ (ઉ.૬૫)
નલિયા-ઘાટકોપર



રતીશ એલ.ધરમશી
તા.૭ એપ્રિલ (ઉ.૫૪)
ગોરખડી-ડોંબિવલી



યોગેન્દ્ર એન.ગોસર
તા.૮ એપ્રિલ (ઉ.૭૭)
ગોએરસમા-વડોદરા



નવલબેન એન.મૈશેરી
તા.૮ એપ્રિલ (ઉ.૮૦)
લાલા-ડોંબિવલી



દમયંતી એચ.લખમશી
તા.૮ એપ્રિલ (ઉ.૭૩)
લાલા-જામનગર



કાંતિલાલ લોડાયા
તા.૯ એપ્રિલ (ઉ.૮૧)
મોટી ખાવડી-મોટી ખાવડી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષા ડૉ.કલ્પના સતીજાને યુનેસ્કો ઈકોસોક તરફથી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં વકતા તરીકે આમંત્રિત કરાયા હતા. આ કોન્ફરન્સમાં ૨૦ દેશોના રોયલ હાઉસ સ્પીકર્સ વક્તવ્ય આપ્યા હતા. ડૉ.કલ્પના સતીજા 'વુમેન કમિટમેન્ટ ઈન ચેલેન્જીંગ ઈન ઈકવાલિટીઝ' પર સ્પીચ આપી હતી. તેઓની હાલમાં જ કાઉન્સેલિંગ ઓફ એમ્પાવર્ડ લેડીસ ઈન્ટરનેશનલ તથા યુનાઈટેડ નેશન વેલ્ફર ફાઉન્ડેશનમાં આત્મહત્યા અટકાવના ભારતના પ્રમુખ તરીકે નિયુક્ત થયા છે. ડૉ. સતીજાને સ્ત્રીઓને લગતા કાર્યો કાનૂની અધિકારો માટે તથા આત્મહત્યા અટકાવ માટે ૩ આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળી ચૂક્યા છે.

● માકપટ વિસ્તારની થાન જાગીર જે સિધ્ધયોગી ધોરમનાથની તપોભૂમિ છે તેના સાંનિધ્યમાં નાનાલાલભાઈ રાજગુરૂની વ્યાસપીઠે દેવી ભાગવત તથા ધનેશ્વરભાઈ જોશીની વ્યાસપીઠે શિવ મહાપુરાણ થઈ. આ કથામાં નખત્રાણા તાલુકાના ભીમપુરાના રબારી વલુબેન રાજાભાઈએ પોતાના વ્હાલસોયા દોઢ વરસના પુત્ર ધનશ્યામને ધોરમનાથ દાદાના મંદિરે દાદાના શરણે ધરી આજીવન માટે બાળકને સાધુ-સંતો ગૌશાળાની સેવા માટે અર્પણ કર્યો હતો. બાળક પાંચ વરસે શુધિ-બુદ્ધિ વાળો થાય ત્યારે મંદિરને સોંપાશે.

● કચ્છના શિક્ષણ જગતના તજજ્ઞ પીનલ મહેન્દ્રભાઈ રાજાણીને રાષ્ટ્રીયકક્ષાનો 'હરકા હુન્નર' વૂમન એચિવર્સ એવોર્ડ તેમજ ગ્લોબલ વૂમન ઈન્સ્પિરેશન એવોર્ડ ૨૦૨૧ એ બે એવોર્ડ મળ્યા છે. દિલ્હી ખાતે વિવિધ કેટેગરીના શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧૦૦ મહિલાઓને એવોર્ડ પ્રદાન કરાયા હતા. ૩૫ હજાર એન્ટ્રીમાંથી ૧૦૦ મહિલાઓની પસંદગી કરાઈ હતી. પીનલ રાજાણી નવ શૈક્ષણિક ડિગ્રી ધરાવે છે. અત્યાર સુધી ૧૭૦થી વધુ મેડલ, શિલ્ડ અને સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યા છે.

● પશ્ચિમ કચ્છમાં રેલ્વેનો સૌથી મોટો ગુડ્ઝ યાર્ડ આગામી છ માસમાં દેશલપર ખાતે ધમધમશે. પીપીપી મોડેલથી નિર્માણ પામનારા યાર્ડ ૧ કિલોમીટરના વિશાળ વિસ્તારમાં ઊભું થશે. આ યાર્ડ મારફતે ૩ થી ૪ હજાર મેટ્રિકટન માલ સામાનનું લોડિંગ કરી શકાશે. ભુજ નલિયા લાઈનનું બ્રાડગેજમાં રૂપાંતરણ કાર્ય પ્રગતિ પર છે. હાલે ભુજ તેમજ કુકમામાં લોડિંગ સ્ટેશન કાર્યરત છે. પણ ઘણું નાનું હોવાથી પૂરતા પ્રમાણમાં લોડિંગ થઈ શકતું નથી. સૂચિત પ્રોજેક્ટ અંતર્ગત દસ વર્ષનો કરાર કરવામાં આવ્યો છે.

● ૨૫૦૦ તુલસીના છોડ ભારતના નકશામાં ગોઠવીને ભુજની ખુશાલી મીત ઠક્કરએ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું હતું. સગર્ભા ખુશાલી ગર્ભ સંસ્કારના ભાગ રૂપે ૨૫૦૦ તુલસીના રોપા સાથે ભારતનો સૌથી મોટો નકશો બનાવ્યો હતો. જે તુલસીના રોપા ઉપયોગમાં લેવાયા હતા. તે ભુજના સ્વામિનારાયણ સ્મૃતિ મંદિરમાં વાવેતર કરી ઉછેરી તુલસીવન બનાવાશે.

● સમાજસેવાની સાથે વૈચારિક ક્રાંતિને વરેલા કચ્છ કડવા પાટીદાર સમાજના અગ્રીમ સમાચારપત્ર પાટીદાર સંદેશ તેના ૪૦ વર્ષની યાત્રામાં એક પણ બ્રેક વિના નોનસ્ટોપ ૪૮૦મા અંકના પ્રકાશન વેળા વૈશ્વિક નોંધ લઈ વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા સન્માન મેળવી સામાજિક અખબાર જગતમાં મોટી સફળતા પ્રાપ્ત કરી છે. ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યૂથ સોસાયટી દ્વારા પાટીદાર સંદેશનું સંચાલન કરવામાં આવે છે. જેની શરૂઆતથી અત્યાર સુધી માનદ્ તંત્રી તરીકે પૂર્વ નાયબ સચિવ શામજીભાઈ પટેલ (સાણંદ) તથા કરમશીભાઈ પટેલ (ભુજ) સેવાઓ આપે છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA